હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આપણી બેઠકમાં એ સાબિત થાય છે કે...
અંગ્રેજો સામે ઉપવાસ કરવાથી પરિણામ મળે...
આપણાં દેશી માણસો સામે ઉપવાસ કરવાથી કોઈ ફાયદો નથી...

સાતમ-આઠમમાં જિલ્લામાંથી ૯૮ શકુનિઓ પકડાયા

જિલ્લાની પોલીસે બે દિવસમાં ૧૭ સ્થળોએ દરોડા પાડયા : ૮.૫૦ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૪

જન્માષ્ટમીના સાતમ અને આઠમના દિવસોમાં જુગાર રમવાની જાણે પ્રથા થઈ ગઈ છે. મંદિરે જઈને પ્રસાદ લેવો જ પડે તે રીતે સાતમ-આઠમ આવે એટલે જુગાર તો રમવો જ પડે તેમ જુગારીઓએ જાણે પ્રસ્થાપિત કરી દીધું છે. શ્રાવણ શરૂ થતાં જ અઠંગ જુગારીઓના હાથે ખંજવાળ આવવા લાગતી હોય છે. તો બીજી તરફ પોલીસ પણ શ્રાવણ શરૂ થતાં જ જુગારીઓને પકડવા પોતાના બાકી બાતમીદાર સક્રિય કરી દેતી હોય છે. જાણીને નવાઈ લાગશે કે ગાંધીનગર જિલ્લામાં માત્ર સાતમ અને આઠમ બે દિવસ દરમિયાન પોલીસે અલગ-અલગ ૧૭ જુગારના અડ્ડાઓ પર દરોડા પાડી ૯૮ શકુનિઓને દબોચી લીધા છે. જિલ્લા પોલીસે ૯૮ શકુનિઓ પાસેથી સાડા આઠ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ સાતમ અને આઠમ બે દિવસ દરમિયાન જિલ્લાની અલગ અલગ પોલીસે જુગારના અડ્ડાઓ પર દરોડા પાડયા હતા જ્યાં જુગારીઓ બિન્દાસ્ત બાજી માંડીને બેઠા હતા. કલોલ તાલુકા પોલીસે એક સ્થળે દરોડો પાડી છ શકુનીઓને રૂ ૩૮ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. પેથાપુર પોલીસે એક જુગાર પકડી ૩ શકુનીઓને રૂ. ૧.૧૨લાખનાં મુદ્દામાલ સાથે દબોચ્યા હતા. માણસા પોલીસે બે સ્થળોએ દરોડા પાડી ૨૩ આરોપીઓને પકડ્યા હતા જ્યારે અડાલજ પોલીસે બે જગ્યાએ દરોડા પાડી સાત શકુનીઓને પકડાયા હતા. સેક્ટર ૨૧ પોલીસે ત્રણ જુગારીઓને પકડ્યા હતા જ્યારે સાંતેજ પોલીસે બેડા ઉપર દરોડા પાડીને ૧૦ જુગારીઓને પકડ્યા હતા. દહેગામ પોલીસે ચાર અડ્ડા ઉપર દરોડા પાડીને ૧૭ શકુનીઓને પકડયા હતા જ્યારે ડભોડા પોલીસે બે સ્થળોએ દરોડા પાડી ૧૧ શકુનિ પકડયા હતા. સેક્ટર-૭ પોલીસે વાવોલ ગામમાં દરોડો પાડી નવ શકુનિઓને પકડયા હતા. તો બીજી તરફ કલોલ શહેર પોલીસે એક દરોડામાં નવ શકુનિઓને પકડી પાડ્યા હતા. આમ જિલ્લાની અલગ અલગ પોલીસે અલગ-અલગ ૧૭ સ્થળોએ દરોડા પાડી પોણા ચાર લાખ રૂપિયાના રોકડ મુદ્દામાલ સહિત કુલ રૂ.૮.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૯૮ શખ્સોની ધરપકડ કરી છે.

ગુજરાત રાજય ચોથા વર્ગ કર્મચારી મહામંડળ દ્વારા જુના સચિવાલય ખાતે સૂત્રોચ્ચાર કરાશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજય ચોથા વર્ગ કર્મચારી મહામંડળની કારોબારીની બેઠક આજરોજ યોજાઈ હતી. જેમાં ચોથા વર્ગના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઘણા વર્ષોથી ઉકેલાતા ન હોવાથી કર્મચારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બરને બુધવારના રોજ જુના સચિવાલય ખાતે સુત્રોચ્ચાર કરશે. જયારે તા.૬-૧૦-૧૮ના રોજ ગાંધીનગર સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાશે. આ ધરણાના કાર્યક્રમમાં વર્ગ-૪ ના કર્મચારીઓને જોડાવવા માટે કર્મચારી મહામંડળ દ્વારા આહ્વાન કરવામાં આવે છે. કર્મચારીઓના પડતર પ્રશ્નોમાં ફિકસ પગાર દુર કરી પુરો પગાર આપો, ચોથા વર્ગમાં આઉટ સોર્સિંગ ભરતી બંધ કરી નિયમિત કાયમી ભરતી કરવી, ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓને ત્રણ વર્ષ પૂર્ણ થયા હોય તેમને કાયમી કરવા, રહેમરાહે નિમણુંક મૃત્યું સમયના છ માસના ગાળામાં પુરા પગારથી આપવી તેમજ રાહત દરે રહેણાંકના પ્લોટ આપવાનો સમાવેશ થાય છે.

કાર્યો એવા કરો કે વ્યવહારથી ઓળખાવ, વર્ણથી નહીં : પૂ. સુનીલસાગરજી

જગને સમજાવતા ના સમજ્યું તો પ્રેમની વાંસળી વગાડવાવાળાને પણ હિંસાના વિચારો તરફ આગળ વધવુ પડ્યું હતું. આચાર્ય શ્રી સુનીલ સાગરજીએ કહ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણએ કૌરવોને સમજાવવાનો ખુબ જ પ્રયાસ કર્યો હતો છતાં તે માન્યા ન હતા અને છેવટે મહાભારત રચાયું હતું.

પૂ. આચાર્યએ કહ્યું હતુ કે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા માણખની ચોરી પાછળના પણ કારણો હતા. ભુખ મિટાવવા ટેબલ ઉપર ચઢી ખુલ્લેઆમ ચોરી કરવી એ ચોરી નહી ગણાય, ટેબલના નીચે થતી ચોરી મોટો ગુન્હો અને પાપ છે. એવી રીતે માખણ નન્દગાવથી મથુરા ન જવુ જોઈએ તે માટે પણ માખણની ચોરી થતી. કારણ કે મથુરા એ કંસની નગરી હતી. આમ ભગવાન શ્રીકૃષ્ણ આડકતરી રીતે માખણને મથુરા જતા અટકાવતા હતા. વધુમાં આચાર્યએ જણાવ્યુ કે ક્યાંય એવુ લખેલ નથી કે જન્માષ્ટમીના રોજ પત્તા અને જુગાર રમવો જોઈએ. અમુક વ્યક્તિઓ તહેવાર અને પર્વના સ્વરૂપોને બગાડે છે. ખરેખર તો આ દિવસે ગાયની સેવા કરવી જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રથી ઘણુ સીખવુ જોઈએ. કાન્હા શબ્દ પ્રાકૃત ભાષાથી આવ્યો છે જેનો અર્થ થાય કે કાળો અથવા કૃષ્ણ. ભગવાનની કૃષ્ણના શરીરનો વર્ણ કાળો હતો છતા તે તેમના કર્મોથી કૃષ્ણ અથવા શ્યામ તરીકે ઓળખાયા. આપણે પણ એવા કાર્યો કરવા જોઈએ કે સૌ કોઈ આપણને આપણા કાર્યો અને વ્યવહારથી ઓળખે, વર્ણથી નહીં.

ગાંધીનગર સચિવાલય આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

સચિવાલય કલ્યાણ સમિતિ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨૮-૮-૧૮ થી તા. ૩૦-૮-૧૮ દરમિયાન આંતર વિભાગીય કેરમ સ્પર્ધા-૨૦૧૮-૧૯ યોજાઈ હતી. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં કર્મચારી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

જેમાં પુરૂષ સિંગલ્સમાં સામાન્ય વહીવટ વિભાગના વિનોદકુમાર ટી. જોષી વિજેતા થયા હતા અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના સુરેશ પરમાર ઉપ વિજેતા થયા હતા. જયારે મહિલા સિંગલ્સમાં નર્મદા, જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગના કિર્તીબેન મહેતા વિજેતા તથા તે જ વિભાગના જયશ્રીબેન શાહ ઉપવિજેતા થયા હતા.

પુરૂષ ડબલ્સ કેરમ સ્પર્ધામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સુરેશ પરમાર અને શ્રમ અને રોજગાર વિભાગના અરવિંદ મકવાણા વિજેતા થયા હતા. જયારે, ઉદ્યોગ અને ખાણ વિભાગના ઈરફાન લાલીવાલા અને મહિલા-બાળ વિકાસ વિભાગના દશરથ નાયી ઉપ વિજેતા થયા હતા. મહિલા ડબલ્સ કેરમ સ્પર્ધામાં નર્મદા, જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગના શ્રીમતિ કિર્તીબેન મહેતા જયશ્રીબેન શાહ વિજેતા થયા હતા જયારે મહેસુલ વિભાગના દક્ષાબેન દેશમુખ, શીતલબેન પટેલ ઉપ વિજેતા થયા હતા.

ખેડૂત દેવા નાબુદીના પગલે આજે કોંગ્રેસના ધરણાં

ગાંધીનગર, તા. ૪

રાજયની ભાજપ સરકારની વિશેષતા ખેડૂતો વિરોધી અને પ્રજા વિરોધી નીતિ અને સરમુખત્યારશાહી વલણને લીધે રાજયના ખેડૂતો પાક વિમા, વિજળી, ખેતપેદાશોના અપુરતા ભાવ સહિત અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા છે. ત્યારે રાજય સરકારે સત્વરે ખેડૂતોના દેવા માફીનો નિર્ણય લેવાની જરૂર છે. બીજી બાજુ સરકારના પ્રજા વિરોધી નિર્ણય સામે વિરોધ વ્યકત કરનારાઓ સામે પણ પ્રતિબંધક કાનૂની જોગવાઈઓનો બેફામ દુરઉપયોગ કરવાનું વલણ અપનાવ્યું હોવાથી પ્રજામાં ભય અને દહેશનું વાતાવરણ પેદા થયું છે.

આ સંજોગોમાં તા. ૫-૯-૧૮ને બુધવારના રોજ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, પ્રદેશ પ્રભારી રાજીવ સાતવજી તથા જિલ્લાના ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલના સાનિધ્યમાં ગાંધીનગર શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસ સંયુકત રીતે ધરણા તથા આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે સવારે ૯ કલાકથી બપોરે ૧૨ કલાક સુધી રાખેલ છે. તો દરેક આગેવાનો, તમામ હોદ્દદારો, કોર્પોરેટરો, મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાશે. ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

ગિફ્ટસીટી ગાંધીનગર ખાતે જિલ્લાની અગ્રણી બેંક દેનાબેંક દ્વારા 'કાસા' બેંક ઓફિસનું ઉદ્ઘાટન બેંકના એક્ઝી. ડાયરેક્ટર રમેશસિંઘના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.એસ.બી.સી. ગુજરાતના કન્વીનર વિક્રમાદિત્યસિંહ ખીચી, ગાંધીનગર ઝોનના ઝોનલ મેનેજર વી.સી. ઉપાધ્યાય, દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન બી.એસ. સુથરા સહિત બેંકિંગ ક્ષેત્રના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જયઅંબે પરિવારના અગ્રણી મનિષ અમીનનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગ શહેરના સેકટર-૩ સી માં વસવાટ કરતા જયઅંબે પરિવારના જાણીતા યુવા અગ્રણી મનિષ દશરથભાઈ અમીનનું આજરોજ અચાનક દુ:ખદ અવસાન થતાં શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી હતી. શ્રી જય અંબે પરિવારના રથ સમિતિના મુખ્ય કન્વિનર અને છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા અંબાજીની પદયાત્રા કરનાર શ્રી મનીષકુમાર ડી. અમીનનું અકાળે દુ:ખદ અવસાન થતાં આ પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. આ પરિવારમાં તથા ગાંધીનગરની વિવિધ સંસ્થાઓમાં તેમનું આગવું યોગદાન રહ્યું છે. શહેરના જાણીતા નામ કોરીયોગ્રાફર ભાવિન પટેલના બનેવી સેકટર-૩/સી પ્લોટ નં.૪૮૦-૧ ખાતે રહેતા મનિષભાઈ અમીન ઉં.વ.-૪૯ જયઅંબે પરિવારની પ્રવૃતિઓ સાથે વર્ષોથી સંકળાયેલા હતા. મુળ દહેગામના અને વર્ષોથી ગાંધીનગરમાં સ્થાઈ થયેલા તેમજ જયઅંબે સાઉન્ડનો બિઝનેશ સંભાળતા મનિષ અમીનને આજે સવારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેઓને તાત્કાલીક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું. તેઓના અચાનક અવસાનથી પરિવારજનો, સેકટરવાસીઓ અને નગરમાં આઘાત સાથે દુ:ખની લાગણી પ્રવર્તી છે.

મનિષભાઈ તેમની પાછળ પત્નિ, યુવાન પુત્ર, માતા અને ભાઈ સહિતના પરિવારને કલ્પાંત કરતા મુકી ગયા છે. શહેરના પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ પણ તેમના બનેવી મનિષ અમીનના અચાનક અવસાનથી આઘાતમાં સરી પડ્યા છે. મનિષભાઈ તેમના સરળ અને સાલસ સ્વભાવને કારણે પરિવાર અને મિત્રોમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા. ચક્ષુદાતા સ્વ.મનિષ અમીનની અંતિમ યાત્રા આજરોજ બપોરે તેમના નિવાસ સ્થાન સેકટર-૩ સી ખાતેથી નીકળી સરગાસણ મુકિતધામ ખાતે પહોંચી હતી. આ અંતિમ યાત્રામાં પરિવારજનો, સેકટરવાસીઓ, મિત્રવર્તુળ, વેપારીઓ,સહિત નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સદગતનું બેસણું તા. ૭-૯-૧૮ ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે રાખવામાં આવ્યું છે. સ્વ. મનિષભાઈ અમીનના પરિવારના સભ્યોની સંમતિથી તેઓના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું.

સામાન્ય રીતે જન્મદિનની ઉજવણી સૌ કોઈ પોતાના પરિવાર અથવા મિત્રો સાથે કરવા માંગતા હોય છે. પરંતુ જેઓ પરિવારથી વિમુખ થઈ ગયાં છે તેવા વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો આ પ્રકારની ઉજવણી માણી શકતા નથી. ગાંધીનગરના લાયોનેસ કલબના મીનાબેન ખંડેલવાલ જ્યારે સેકટર-૬માં વૃદ્ધાશ્રમ ખાતે પોતાના જન્મદિનને ઉજવ્યો જેમાં કેક કટીંગ કર્યા બાદ વડિલોને જમાડ્યાં અને તેમની સાથે સમય વિતાવતા તમામ વડિલો ભાવ વિભોર બન્યાં હતાં. આ ઉજવણીમાં સંસ્થાના પ્રમુખ ડિમ્પલ દેસાઈ, પૂર્વ પ્રમુખ સેજલબેન સહિત મોટી સંખ્યામાં સભ્યો અને લાયન્સ કલબ પ્રમુખ પિયુષભાઈ જોડાયા હતા.

ડો. સર્વપલ્લી રાધાકિશ્નનના જન્મદિન ૫, સપ્ટેમ્બર-શિક્ષકદિન નિમિત્તે

આવતીકાલે રાજયના ૩૨ શ્રેષ્ઠ શિક્ષકોને રાજયપાલશ્રીના અને મુખ્યમંત્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરાશે

જિલ્લાકક્ષાએ રાજય સરકારના મંત્રીઓ દ્વારા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું પણ સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૪

પ્રખર તત્વચિંતક, રાજપુરુષ, ભારતના ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ ઉપરાંત દેશના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સમગ્ર દેશમાં જેમની ખ્યાતિ ફેલાયેલી છે તેવા પ્રખર શિક્ષણવિદ ડૉ. સર્વપલ્લી રાધાકિશ્નનના જન્મદિન ૫, સપ્ટેમ્બર- શિક્ષકદિન નિમિતે આવતીકાલે ૫, સપ્ટેમ્બરના રોજ રાજયપાલ ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રાજયના ૩૨ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન થશે. આ શ્રેષ્ઠ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકેનો એવોર્ડ એનાયત કરીને રૂ.૫૧,૦૦૦/-ની ધનરાશિ, સન્માનપત્ર શાલ ઓઢાડીને સન્માન કરાશે, તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે અત્રે જણાવ્યું હતું.

શિક્ષકદિન નિમિતે ડૉ. સર્વપલ્લી રાધાકિશ્નનના ઉદાત્ત વિચારો, શિક્ષણ અંગેનું તેમનું તત્વચિંતન તથા જીવન વ્યવહાર શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈ શિક્ષણવિદો, શિક્ષકો, શિક્ષણશાસ્ત્રીઓ માટે જીવનમાં અનુસરણનો વિષય બને તેવી અપીલ કરતા શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, માત્ર ૫મી સપ્ટેમ્બરે જ શિક્ષકદિનની ઉજવણી પૂરતી નથી પરંતુ શિક્ષણને ગુણવત્તાની દ્રષ્ટિએ એક ચોકકસ આયામ સુધી પહોંચાડવાના હેતુ સાથે શિક્ષણવિદ અને તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકિશ્નનનું જીવન અને કવન આપણાં સૌ કોઈ માટે આદર્શ બને અને તેમના વિચારોને આપણે દૈનંદિન જીવનવ્યવહારમાં અપનાવીએ તે શિક્ષકદિનનો સંદેશ છે.

આવતીકાલના શિક્ષકદિનની ઉજવણી અંગેની વિગતો આપતા શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, આવતીકાલ જે ૩૨ શિક્ષકોને એવોર્ડ આપી સન્માન થવાનું છે તેમાં ૮ મહિલા શિક્ષકોનો પણ સમાવેશ થાય છે. આ ૩૨ શ્રેષ્ઠ શિક્ષકોમાંથી ૧૭ પ્રાથમિક શિક્ષકો, ૪ માધ્યમિક, ૩ ઉચ્ચતર માધ્યમિક, ૪ આચાર્યો, ૨ કેળવણી નિરીક્ષક, ૧ સી.આર.સી. ઉપરાંત ૧ ખાસ શાળા એવોર્ડનો સમાવેશ થાય છે.

અગાઉ શિક્ષકદિન નિમિત્તે માત્ર રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાતા હતા પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોના સન્માનનો વિચાર રજૂ કરતા ત્યારથી આજદિન સુધી જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવાનું આયોજન પણ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ઈસનપુર મોટા સ્થિત શ્રી અંકલેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવ મહિમ્ન સ્રોતનું ગાન

તાલુકાના ઈસનપુર મોટા ખાતે શ્રાવણ માસના છેલ્લા સોમવારના દિવસે શિવભક્તો દ્વારા શ્રી અંકલેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં શિવ મહિન્મ સ્રોતનું પઠન કાર્યક્રમમાં શિવભક્ત ગામના અગ્રણી રમેશભાઈ બી. પટેલના સાનિધ્યમાં મોટી સંખ્યામાં શિવભક્તોએ શિવભક્તિમાં તલ્લીન બની ધન્યતા અનુભવી હતી. અગાઉ મેઘરાજાને મનાવવા આ પવિત્ર સ્થળે પર્જન્ય યજ્ઞનું ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

વાતવાતમાં

● જન્માષ્ટમીના દિવસે સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ સામે જ ઝરમર વરસાદમાં એક ઝાડ ધરાસાયી થયું હતું. આ ઝાડ સવારે પડ્યું હોવા છતાં સાંજ સુધી તેને હટાવવાની કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નહોતી.

● જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ગાંધીનગર અને માણસા શહેર સહિત ગ્રામ્ય વિસ્તાર, દહેગામ અને કલોલ તાલુકામાં હાઈરિ ગૃપનો ટીબી સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સમગ્ર સપ્ટેમ્બર માસ દરમ્યાન ચાલનારા આ સર્વે જિલ્લામાં ટીબીને નાબૂદ કરવા માટે પગલાં ભરવામાં મદદરૂપ બનશે.

● પૂર્વ વડાપ્રધાન ભારત પત્ન, સ્વ. અટલ બિહારી બાજપાઈને શ્રદ્ધાંજલિના ભાગરૂપે માણસાના આનંદીમાના વડલે નિ:શુલ્ક સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. ૭૫૦ દર્દીઓએ લાભ લીધો હતો.

કડી સંકુલની મહિલા કર્મચારીઓનો બૉનમેરો ડેન્સિટી ટેસ્ટ કરાયો

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા તાજેતરમાં કેએસવી સંકુલની મહિલા કર્મચારીઓના બૉનમેરો ડેન્સિટી ટેસ્ટ બીએમડીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ મહિલા કર્મચારીઓમાંથી ૪૫ને કેલ્શિયમની ઉણપ જણાઈ હતી. આ પ્રસંગે સેવા આપનાર શહેરના જાણીતા ઓર્થોપેડિક તબીબ ડૉ. મુકુલ પંડિત તથા ડૉ. વિવેક વાછાણી દ્વારા આ મહિલાઓને રાખવાની જરૂરી તકેદારીઓથી માહિતગાર કર્યા હતા.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત
મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૦૭/૨૦૧૮-૧૯

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪ ૨૫૦૦૨૦) દ્વારા પ્રોવાઈડીંગ એન્ડ ફિક્ષિન્ગ મોડ્યુલર ફર્નિચર ફોર ધ ઓફિસ બિલ્ડીંગ એટ તાલુકા પંચાયત ભવન બિલ્ડીંગ મોડાસા, તા. મોડાસા, જી. અરવલ્લીના કામ જેની અંદાજીત કિંમત ૨૫.૦૫ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૭/૯/૨૦૧૮ થી તા. ૧૫/૯/૨૦૧૮ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેવી વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક/નામાનિ/હિંમત/૨૮૯/૨૦૧૮